**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ**
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )
Azadi Ka Amrit Mahotsav

પરિપત્ર:-

વિષય : ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળના જાહેરાત ક્રમાંક:૧૦/૨૦૨૧૨૨ ગ્રામ પંચાયત મંત્રી (તલાટી કમ મંત્રી) માટેના પરીક્ષા કેન્દ્રો (શાળા/કોલેજો)ની દરખાસ્ત મોકલી આપવા બાબત.

સંદર્ભ: જિલ્લા પંચાયત કચેરી, ગીર સોમનાથનાં પત્ર ક્રમાંક નં.જિપં/મકમ-૮/પરીક્ષા કેન્દ્ર/માહિતી/વશી-૮૭૦/૨૦૨૩, તા.૨૦/૦૨/૨૦૨૩.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન ગીર સોમનાથ જિલ્લામાં આવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓને ઉપરોક્ત સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની જાહેરાત ક્રમાંક:૧૦/૨૦૨૧૨૨ ગ્રામ પંચાયત મંત્રી (તલાટી કમ મંત્રી)ની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા **સંભવતઃ** આગામી તા.૨૩/૦૪/૨૦૨૩નાં રોજ યોજાનાર હોય, જેથી આ સાથે સામેલ પત્રની સૂચનાઓ અનુસાર ગ્રામ પંચાયત મંત્રી (તલાટી કમ મંત્રી) સંવર્ગની પરીક્ષા માટે ઉપલબ્ધ થઇ શકે તેવી સીસીટીવી ધરાવતી તેમજ પરીક્ષાર્થીઓ માટેની બેઠક વ્યવસ્થા માટેની બેંચીસ વગેરે જરૂરી સગવડ ઉપલબ્ધ હોય અને પરીક્ષાનાં સંચાલન માટે જરૂરી સ્ટાફ ધરાવતા હોય તેવી અત્રેની યુનિવર્સીટી સંલગ્ન **ગીર સોમનાથ** જિલ્લામાં આવતી તમામ કોલેજોની માહિતી આ સાથે સામેલ ચેકલીસ્ટ **FORMAT-A, FORMAT-B1, FORMAT-B2** તથા **FORMAT-C** મુજબની લાગું પડતી માહિતી તૈયાર કરી **esta.dyddogs@gmail.com** પર ઈ-મેઈલ દ્વારા તથા હાર્ડકોપી જિલ્લા પંચાયતની કચેરી, મહેકમ શાખા, ગીર સોમનાથને **દિવસ-૦૨** માં મોકલી આપવા જણાવવામાં આવે છે તેમજ તેની એક નકલ અત્રેની યુનિવર્સિટીના ઈ-મેઈલ **academicbknmu@gmail.com** પર જાણ અર્થે અચૂકપણે મોકલી આપવા જણાવવામાં આવે છે.

કા.કુલસચિવ

બિડાણ:- સંદર્ભદર્શિત પત્ર તથા નિયત ચેકલીસ્ટ.

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૫૭૨/૨૦૨૩
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૨૧/૦૨/૨૦૨૩

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન ગીર સોમનાથ જિલ્લામાં આવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તરફ...

**નકલ સાદર રવાના:-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવ.
**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યાવાહી અર્થે:-**
(૨) આઇ.ટી.સેલ વિભાગ (વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવા અર્થે.)

**જિલ્લા પંચાયત કચેરી–ગીર સોમનાથ**
**(મહેકમ શાખા)**
**મુ.ઈણાજ, તા.વેરાવળ, જિ.ગીર સોમનાથ–૩૬૨૨૬૯**
**ફોન નં.(૦૨૮૭૬) ૨૮૫૨૫૦,**
**Email- esta.dyddogs@gmail.com**

નં.જિપં/મકમ-૮/પરીક્ષા કેન્દ્ર /માહિતી/વશી-૯૭૦ /૨૦૨૩ તા.૨૦/૦૨/૨૦૨૩

પ્રતિ,
૧. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિ. ગીર સોમનાથ, મુ.વેરાવળ
૨. જિલ્લા પ્રાથમિક શોક્ષણાધિકારીશ્રી,
જિ. ગીર સોમનાથ, મુ.ઇણાજ
૩. રજીસ્ટ્રારશ્રી,
ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ખડીયા રોડ, ડુંગરપુર, જુનાગઢ.

**વિષય:-** ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળના જાહેરાત ક્રમાંક:૧૦/૨૦૨૧૨૨ ગ્રામપંચાયત મંત્રી (તલાટી કમ મંત્રી) માટેના પરીક્ષા કેન્દ્રો (શાળા / કોલેજો) ની દરખાસ્ત મોકલી આપવા બાબત.

**સંદર્ભ:-** સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગરના પત્ર :નં/આરબી-૧/૨૧/ ત.ક.મંત્રી/પરીક્ષા/૨૦૨૧-૨૨/૨૪૭૮ થી ૨૫૧૦, તા.૧૬/૦૨/૨૦૨૩.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભવાળા પત્રથી ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા જાહેરાત ક્રમાંક:૧૦/૨૦૨૧૨૨ (તલાટી કમ મંત્રી) સંવર્ગની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા માટે અત્રેના જિલ્લામાં આવેલ સરકારી/અર્ધસરકારી/ખાનગી/સ્વનિર્ભર તમામ શાળા કોલેજો, ટેકનીકલ એજ્યુકેશન સહિતની તમામ સંસ્થાઓ/કોલેજો/આઇટીઆઇને આવરી લઇ, પરીક્ષા કેન્દ્રોની દરખાસ્ત મોકલી આપવા જણાવેલ છે. જે મુજબ તલાટી કમ મંત્રી સંવર્ગની પરીક્ષા માટેના ઉમેદવારોની સંખ્યા ખુબ જ વધારે હોય જે ધ્યાને લઇ ઉપયોગમાં લઇ શકાય તેવા પરીક્ષા કેન્દ્રોની દરખાસ્ત આ સહ સામેલ સંદર્ભવાળા પત્રની વિગતે મોકલી આપવા જણાવેલ છે.

ઉપરોક્ત બાબતે માન.ચેરમેનશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ તથા માન. વિકાસ કમિશનરશ્રી તરફથી તા.૧૪/૦૨/૨૦૨૩ ના રોજ વિડિયો કોન્ફરન્સમાં મળેલ સૂચના અનુસાર આગામી તલાટી કમ મંત્રી સંવર્ગની પરીક્ષામાં ઉપયોગમાં લઇ શકાય તેવી આપના નિયંત્રણ હેઠળની આ જિલ્લામાં આવેલ શાળા/ કોલેજો/ ટેકનીકલ એજ્યુકેશન સહિતની તમામ સંસ્થાઓની સક્ષમ અધિકારી મારફત રૂબરૂ મુલાકત લઇ બેન્ચીસ, સી.સી.ટી.વી કેમેરાની વ્યવસ્થા, સ્ટ્રોંગ રૂમથી પરીક્ષા કેન્દ્રનું અંતર, પુરતા સ્ટાફની વ્યવસ્થા તેમજ અગાઉની પરીક્ષામાં કેન્દ્ર કોઇ ગેરરીતીમાં સંડોવાયેલ હોય વગેરે બાબતોની ચકાસણી કરી દરેક પરીક્ષા કેન્દ્રનું સ્વતંત્ર મુલ્યાંકન આ સહ સામેલ ચેકલીસ્ટ, FORMAT-A , FORMAT-B 1, FORMAT-B 2 , FORMAT- C મુજબ પરીક્ષા કેન્દ્રોની માહિતી દિન-3 માં મોકલી આપવા જણાવવામાં આવેલ છે.

**(રવિન્દ્ર ખતાલે)**
**જિલ્લા વિકાસ અધિકારી**
**ગીર સોમનાથ**

બિડાણ:- નિયત ચેકલીસ્ટ, FORMAT-A , FORMAT-B 1, FORMAT-B 2, FORMAT- C

યાદપત્ર/ટોચઅગ્રતા

નં.આરબી-૧/૨૧/ત.ક.મંત્રી/પરીક્ષા/૨૦૨૧-૨૨/૨૪૭૮ થી
ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ૨૫૧૭
બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન
સેકટર-૧૦/એ,ગાંધીનગર
તા.૧૬/૦૨/૨૦૨૩

પ્રતિ,

જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ)

વિષયઃ- ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ધ્વારા જાહેરાત ક્રમાંકઃ-૧૦/૨૦૨૧૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી) માટેના પરીક્ષા કેન્દ્રો (શાળાકોલજો)ની દરખાસ્ત મોકલી આપવા બાબત.

સંદર્ભઃ- (૧) અત્રેના પત્ર ક્રમાંકઃ-આર.બી-૨/૨૧૯/પરીક્ષા/૨૦૨૧-૨૨/૨૦૩૫૭ થી ૨૦૩૫૮ તા.૦૪/૧૧/૨૦૨૨

(૨) અત્રેના પત્ર ક્રમાંકઃ-આર.બી-૨/૨૧૯/પરીક્ષા/૨૦૨૧-૨૨/૨૦૩૫૯ થી ૨૦૯૯૨ તા.૩૦/૧૧/૨૦૨૨

(૩) અત્રેના પત્ર ક્રમાંકઃ-આર.બી-૨/૨૧૯/પરીક્ષા/૨૦૨૧-૨૨/૨૨૫ થી ૨૫૮ તા.૦૪/૦૧/૨૦૨૩

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે આજ્ઞાનુસાર સવિનય જણાવવાનું કે, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ધ્વારા જાહેરાત ક્રમાંક ૧૦/૨૦૨૧-૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી સંવર્ગની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા મંડળ સંભવતઃ આગામી તા.૨૩-૦૪-૨૦૨૩ના રોજ યોજવા માંગે છે. પરંતુ તે માટે દરેક જિલ્લામાં ઉપલબ્ધ પરીક્ષા કેન્દ્રો (શાળા/ કોલેજો) ઉપલબ્ધ થવા જરૂરી છે. પરીક્ષાકેન્દ્રો ઉપલબ્ધ થાય પછી જ મંડળ ધ્વારા પરીક્ષાની તારીખ નક્કી કરી શકાશે.

૨/- ઉપરોકત વિષય પરત્વે આજ્ઞાનુસાર સવિનય જણાવવાનું કે, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ધ્વારા જાહેરાત ક્રમાંકઃ-૧૦/૨૦૨૧૨૨ ગ્રામ પંચાયત મંત્રી (તલાટી કમ મંત્રી) સંવર્ગની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા માટે દરેક જિલ્લામાં ઉપલબ્ધ પરીક્ષા કેન્દ્રો (શાળા/ કોલેજો) ની માહિતી મેળવવાની થાય છે. આ બાબતે આપના જિલ્લામાં આવેલ સરકારી/અર્ધસરકારી/ખાનગી/સ્વનિર્ભર તમામ શાળા-કોલેજો, ટેકનીકલ એજ્યકેશન હેઠળની તમામ સંસ્થાઓ/કોલેજો/આઇ.ટી.આઇને આવરી લઇ, તેમજ પરીક્ષાર્થીઓની બેઠક વ્યવસ્થા માટેની બેંચીસ વગેરે જરૂરી સગવડ અને પરીક્ષાના સંચાલન માટે જરૂરી સ્ટાફ ધરાવતા હોય તેવા પરીક્ષા કેન્દ્રો માટેની દરખાસ્ત મોકલવા આપશ્રીને સંદર્ભદર્શિત પત્રોથી જણાવવામાં આવેલ છે. જે ધ્યાને લઇ સંદર્ભ (૩) દર્શિત તા.૦૪/૦૧/૨૦૨૩ના પત્ર મુજબની દરખાસ્ત મંડળને તા.૨૫-૦૨-૨૦૨૩ સુધીમાં મોકલી આપવા વિનંતી છે.

૩/- ઉમેદવારોની સંખ્યા ખૂબ વધારે હોઇ, આ માટે સરકારી/અર્ધસરકારી/ખાનગી/સ્વનિર્ભર તમામ શાળા-કોલેજો, ટેકનીકલ એજ્યકેશન હેઠળની તમામ સંસ્થાઓ/કોલેજો/આઇ.ટી.આઇ વિગેરેને આવરી લઇ, તે મુજબની માહિતી મોકલી આપવા સવિનય વિનંતી છે.

૪/- વધુમાં જણાવવાનું કે, અગાઉ બ્લેકલીસ્ટ થયેલ હોઇ અથવા પરીક્ષામાં ગંભીર ગેરરીતી થયેલ હોય તેવા પરીક્ષા કેન્દ્રનો સમાવેશ આપની દરખાસ્તમાં નહીં કરવા વિનંતી છે.

૫/- વધુમાં જે પરીક્ષા કેન્દ્રમાં સીસીટીવી કેમેરા ઉપલબ્ધ હોય તેવા પરીક્ષા કેન્દ્રોને પ્રાથમિકતા આપવા વિનંતી છે. તેમજ જિલ્લા મુખ્ય મથકે આવેલ કેન્દ્રોને પણ પ્રાથમિકતા આપવા વિનંતી છે.

૬/- ઉકત માહિતી **Format-A, Format-B-1, Format-B-2** અને **Format-C** નમૂનો સામેલ છે.) તેમાં મોકલી આપવા વિનંતી છે. **Format-C** માં પરીક્ષા કેન્દ્રની કેટેગરી A, B, C,D પ્રમાણે બ્રેકઅપ આપવાનો રહેશે. એટલે કે ઉપલબ્ધ ઇન્ફ્રાસ્ટ્રકચર,(ફર્નીચર/સી.સી.ટીવી, બેન્ચીસ, બિલ્ડીંગ), લોકેશન, અન્ય સગવડો, પરીક્ષા સંચાલન સ્ટાફ વિગેરે બાબતો ધ્યાને લઇ સૌથી સારી વ્યવસ્થા ધરાવતા પરીક્ષા કેન્દ્રને "A" કેટેગરીમાં દર્શાવવાના રહેશે, જ્યારે તેનાથી ક્રમશ: ઓછી વ્યવસ્થા/સગવડો/લોકેશન ધરાવતા પરીક્ષા કેન્દ્રોને અનુક્રમે B, C, અને D કેટેગરીમાં દર્શાવવાના રહેશે.

ઉપરોકત દરખાસ્ત આગામી તા.૨૫-૦૨-૨૦૨૩ સુધીમાં **tcmgpssb@gmail.com** ઇમેઇલ ઉપર મંડળને મોકલી આપવા આજ્ઞાનુસાર સવિનય વિનંતી છે.

" મંડળના આદેશાનુસાર"

આપનો વિશ્વાસુ,

સચિવ

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

ગાંધીનગર

બિડાણ:-

(૧) અત્રેના તા.૦૪-૦૧-૨૦૨૩ના પત્રની નકલ (ત્વરિત જાણ અર્થે)

(૨) **Format-A, Format-B-1, Format-B-2** અને **Format-C**, પ્રમાણપત્રનો નમૂનો.

# Format-A (તલાટી કમ મંત્રી)

(સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપલબ્ધ થઇ શકે તેવા શાળા/કોલેજની વિગતો)

જિલ્લાનું નામ - ........................................

સંવર્ગ:-તલાટી કમ મંત્રી

| ક્રમ | શાળા/કોલેજનું નામ | શાળા/કોલેજનું પુરૂ સરનામું | શાળા/કોલેજ તેનો પ્રકાર (સરકારી/ અર્ધસરકારી / સ્વનિર્ભર/ ગ્રાન્ટેડ/ખાનગી) | વર્ગખંડ માં સી.સી.ટી.વી. (રેકોંડીગ સહિત) ઉપલબ્ધ છે કે કેમ? (Yes/No) | ઉપલબ્ધ કરવામાં આવનાર વર્ગખંડો ની સંખ્યા | ઉમેદવારોની વર્ગખંડ દીઠ બેઠક ક્ષમતા (૩૦ ઉમેદવારો દીઠ ૦૧ વર્ગખંડ) | ઉમેદવારોની કુલ બેઠક ક્ષમતા | કેન્દ્ર સંચાલકનું નામ અને સંપર્ક નંબર | પરીક્ષા સંચાલન માટે ઇન્વીજીલેટર, સુપરવાઇઝર વગેરે સ્ટાફની ઉપલબ્ધી (Yes/No) | પરીક્ષાર્થીઓ માટે બેન્ચીસ ઉપલબ્ધ છે કે કેમ? |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |

તારીખ:-...../..../૨૦૨૩

જિલ્લા વિકાસ અધિકારી

...........જિલ્લા પંચાયત

## Format-B-1

તલાટી કમ મત્રી સંવર્ગના પરીક્ષા કેન્દ્રો

બ્રેકઅપ

<table>
<tr><th colspan="2">વિગત</th><th>ઉપલબ્ધ પરીક્ષા કેન્દ્રો</th><th>વર્ગખંડોની સંખ્યા</th><th>ઉમેદવારોની સંખ્યા</th></tr>
<tr><td colspan="2">(૧) જિલ્લા મુખ્ય મથક (HQ) ખાતે આવેલા પરીક્ષા કેન્દ્રો</td><td></td><td></td><td></td></tr>
<tr><td colspan="2">(૨) જિલ્લા મુખ્ય મથક(HQ) ની બહાર પણ (HQ) થી ૮ કિમી ની ઓછુ અંતર ધરાવતા પરીક્ષા કેન્દ્રો</td><td></td><td></td><td></td></tr>
<tr><td rowspan="2">(૩) જિલ્લા (HQ) થી બહાર અને જિલ્લા મુખ્ય મથકથી ૮ કિ.મી થી વધુ અંતર ધરાવતા પરીક્ષા કેન્દ્રો<br>(તાલુકા (HQ) સિવાયના)</td><td>(૧) સ્ટેટ હાઇવે ઉપરના પરીક્ષા કેન્દ્રો</td><td></td><td></td><td></td></tr>
<tr><td>(૨) સ્ટેટ હાઇવેથી દુર આવેલ પરીક્ષા કેન્દ્રો</td><td></td><td></td><td></td></tr>
<tr><td colspan="2">(૪) તાલુકા (HQ) ખાતે આવેલ પરીક્ષા કેન્દ્રો</td><td></td><td></td><td></td></tr>
<tr><td colspan="2">કુલ પરીક્ષા કેન્દ્રો</td><td></td><td></td><td></td></tr>
</table>

**Format-B-2**

તલાટી કમ મત્રી સંવર્ગના પરીક્ષા કેન્દ્રો

બ્રેકઅપ

| કેપેસીટી | ઉપલબ્ધ પરીક્ષા કેન્દ્રો | વર્ગખંડોની સંખ્યા | ઉમેદવારોની સંખ્યા |
|---|---|---|---|
| (૧) ૫ કે ૫ કરતા ઓછા વર્ગખંડો ધરાવતા પરીક્ષા કેન્દ્રો | | | |
| (૨) ૬ થી ૭ વર્ગખંડો ધરાવતા પરીક્ષા કેન્દ્રો | | | |
| (૩) ૧૦ અથવા તેથી વધુ વર્ગખંડો ધરાવતા પરીક્ષા કેન્દ્રો | | | |
| કુલ | | | |

# Format-C (તલાટી કમ મંત્રી)

## (કેટેગરી વાઇઝ બ્રેક-અપ)

જિલ્લાનું નામ - ........................................

સંવર્ગ:-તલાટી કમ મંત્રી

| | પરીક્ષા કેન્દ્રોની સંખ્યા | વર્ગખંડોની સંખ્યા | ઉમેદવારોની સંખ્યા |
|---|---|---|---|
| કેટેગરી A | | | |
| કેટેગરી B | | | |
| કેટેગરી C | | | |
| કેટેગરી D | | | |

તારીખ:-..../..../૨૦૨૩

જિલ્લા વિકાસ અધિકારી

............જિલ્લા પંચાયત

# પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ધ્વારા તા.૨૩ એપ્રિલ ૨૦૨૩ માસમાં યોજાનાર તલાટી કમ મંત્રી સંવર્ગની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા માટે આ સાથેની દરખાસ્તના પત્રકમાં દર્શાવ્યા મુજબના પરીક્ષા કેન્દ્રો (શાળા/કોલેજો વિગેરે)ની ચકાસણી કરાવવામાં આવેલ છે, અને સદર પરીક્ષા કેન્દ્રો (શાળા/કોલેજ વિગેરે) ઉપરોકત લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા માટે તદન યોગ્ય જણાયેલ છે. તે બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળઃ-

તારીખઃ-...../૦૧/૨૦૨૩

જિલ્લા વિકાસ અધિકારીશ્રી

...........................જિલ્લા પંચાયત